| Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૩૬૦ ૦૦૫ | |
| નં.એકે/A.C./ ૧૦૯૬/૨૦૧૫ | તા.૨૪/૧૧/૨૦૧૫ |

પરિપત્ર:–

સંદર્ભ : નં.એકે/૧૦૩૪/૨૦૧૫,તા.૧૭–૧૧–૨૦૧૫થી પ્રસિધ્ધ થયેલ
તા.૨૩–૧૦–૨૦૧૫ની એકેડેમિક કાઉન્સિલની સભાની મીનીટસ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની **એકેડેમિક કાઉન્સિલ**ના સર્વે સભ્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, સંદર્ભદર્શિત નં.એકે/૧૦૩૪/૨૦૧૫,તા.૧૭–૧૧–૨૦૧૫થી પ્રસિધ્ધ થયેલ તા.૨૩–૧૦–૨૦૧૫ની એકેડેમિક કાઉન્સિલની સભાની મીનીટસમાં ઠરાવ ક્રમાંક "૫૨" અને "૨૪૬" પેઈજ સેટીંગની ટેકનીકલ ક્ષતિને કારણે પ્રસિધ્ધ થયેલ ન હોય તેમજ ઠરાવ ક્રમાંક "૧૮૦"ના સુધારા સહિતના ઠરાવો નીચે મુજબ છે. જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

૫૨
જોડાણ

આચાર્યશ્રી, સરકારી વિનયન કોલેજ,ચોટીલા તરફથી જુન ૨૦૧૫ થી નીચેની વિગતે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત:–**
**વિનયન વિદ્યાશાખા :– ( ચાલુ જોડાણ)**
બી.એ.(મુખ્ય/ગૌણ) ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,સમાજશાસ્ત્ર,ઈતિહાસ, સંસ્કૃત,અર્થશાસ્ત્ર.

**નોંધ :** (૧) સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૩૦–૬–૧૫ નો અહેવાલ તા.૨૪–૭–૧૫ ના રોજ અત્રે મળેલ છે. ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.
(૨) આચાર્ય, ગ્રંથપાલ અને પી.ટી.આઈ. ની નિમણુંક થયેલ નથી.
(૩) સરકારી કોલેજ છે.
(૪) વિદ્યાર્થી દીઠ બાંધકામની જગ્યા ૨ ચો. ફુટ દર્શાવેલ છે.
(૫) કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ નથી.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, સરકારી વિનયન કોલેજ,ચોટીલા ની જોડાણ અરજી અને તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી તે મુજબ ઉપર્યુક્ત જોડાણની વિગતમા દર્શાવેલ વિદ્યાશાખાઓના વિષયો/અભ્યાસક્રમોનું તા.૧૫–૬–૨૦૧૫ થી તા.૧૪–૬–૨૦૧૬ સુધી એક વર્ષનું"ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.**

૨૪૬
જોડાણ

આચાર્યશ્રી, શ્રી લલ્લુભાઈ શેઠ બી.એડ. કોલેજ–ગોપાલધામ તરફથી જુન ૨૦૧૫ થી નીચેની વિગતે કોલેજ બંધ કરવા માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત:–**
**શિક્ષણ વિદ્યાશાખા :–**
બી.એડ. પદવીના અભ્યાસક્રમ

**નોંધ :** (૧) સ્થાનિક તપાસ સમિતિના એક સભ્યશ્રીનો તા. ૧૯–૧૦–૧૫ નો અહેવાલ તા. ૨૦–૧૦–૧૫ ના રોજ અત્રે મળેલ છે. કોલેજ બંધ કરવા ભલામણ કરેલ છે.
(૨) હાલ બી.એડ. અભ્યાસક્રમ માં કોઈપણ વિદ્યાર્થી કે અધ્યાપક ઉપલબ્ધ નથી.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી લલ્લુભાઈ શેઠ બી.એડ. કોલેજ–ગોપાલધામ તરફથી જુન ૨૦૧૫ ની જોડાણ બંધ કરવાની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી કોલેજ બંધ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.**

**૧૮૦ એકેડેમિક** કાયદા વિદ્યાશાખાની તા.૧૫–૭–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક "૩" અન્વયે નીચે મુજબના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કાયદા વિદ્યાશાખા હેઠળના B.A.,LL.B. (Intigrated) નો સુધારેલ અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ અથવા ૨૦૧૬–૧૭ થી અમલમાં આવે તે રીતે મંજૂર કરવો.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સુધારેલ અભ્યાસક્રમ ક્રમશઃ જુન ૨૦૧૫ – ૨૦૧૬ થી અમલમાં આવે તેરીતે મંજૂર કરી તેનો અમલ કરવો**

(ડો.ધીરેન ડી.પંડયા)
**I/C.કુલસચિવ**

**પ્રતિ,**
(૧) એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ......

<u>નકલ સાદર રવાના :–</u>

૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. જોડાણ વિભાગ
૩. પી.જી.વિભાગ
૪. પરીક્ષા નિયામકશ્રી
૫. ડાયરેકટરશ્રી,કોમ્પુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (વેબસાઈડ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે) C.D. સાથે)

**ACD/SD/D/PARIPATRA 84**